ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૧** **તા. ૦૯.૦૮.૨૦૧૭**

**ગુજરાતના દેવદુર્લભ કાર્યકરોનું ભાજપાનું અજય સંગઠન છે.**

---------------------

**કોંગ્રેસ તૂટવાનું કારણ તેનું નેતૃત્વ છે.**

---------------------

**નર્મદાનું ટીપે ટીપું પાણી ગુજરાતનાં હકનું પાણી ગુજરાતની જનતાને મળશે જ.**

---------------------

**ગુજરાત વિધાનસભાની ચૂંટણીના વિજયની હારમાળાનો મણકો ભાજપાના વિજયમુગટમાં ઉમેરાશે.**

---------------------

**દુનિયામાં સાર્વજનિક જીવન કેવું હોવું જોઈએ તેનું ઉત્તમ ઉદાહરણ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂરું પાડ્યું છે - શ્રી અમિતભાઈ શાહ**

---------------------

**આગામી વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૦ થી વધુ બેઠકો જીતવા આહ્‌વાન કરતા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ**

---------------------

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ ગુજરાત અને દેશનું ગૌરવ વધારવા રાજયસભામાં પદભાર સંભાળશે અને રાજકારણમાં એક નવી સંસ્કૃતિનો ઉદય આના કારણે થવાનો છે. - શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

---------------------

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના પ્રમુખપદને આજે ત્રણ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આજે દેશભરમાં ભાજપાનો કેસરીયો તેમના કુશળ સંગઠનાત્મક કુનેહના કારણે લહેરાઈ રહ્યો છે.- શ્રી વિજયભાઈ રૂપાણી**

---------------------

**ભાજપાના દરેક કાર્યકર પાસે સેવાભાવ નિષ્ઠાભાવ અને પ્રામાણિકતા છે તે લઈને ગુજરાતની સેવામાં તેમજ વિકાસમાં સહભાગી બનીએ - શ્રી જીતુભાઈ વાઘાણી**

---------------------

આજરોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે રાજયસભાના નવનિર્વાચિત સદસ્ય અને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ તથા કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીના ભવ્ય વિજય બદલ પ્રદેશ ભાજપા દ્વારા અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રદેશ કાર્યાલય ખાતે ઉપસ્થિત ભાજપાના આગેવાનો અને અગ્રણી કાર્યકર્તાઓને સંબોધતા રાષ્ટ્રીય અધ્યક્ષ તથા રાજયસભાના વિજયી ઉમેદવાર શ્રી અમિતભાઈ શાહે તેમના ધારાસભ્ય તરીકેના ૨૦ વર્ષના કાર્યકાળને યાદ કરીને માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી, શ્રીમતી આનંદીબેન પટેલ તથા વર્તમાન મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં થયેલા ગુજરાતના વિકાસનો સ્વર્ણિમ કાલખંડ ગણાવ્યો હતો. ૨૦ વર્ષમાં ગુજરાતે વિકાસના નવા વિક્રમો સર્જયા છે. તેઓએ તેમના સરખેજ અને નારણપુરા મત વિસ્તારની જનતાના પ્રેમ અને કાર્યકર્તાના સ્નેહથી મળેલા વિજયને યાદ કરી મતદારોનો આભાર માન્યો હતો. તથા જણાવ્યું હતું કે, ગુજરાતના પ્રતિનિધિ તરીકે આજથી શરૂઆત થવાની છે.

ગામે-ગામ ૨૪ કલાક વિજળી પહોંચાડવાની વાત હોય, નર્મદા ડેમ પર દરવાજા મૂકવાની વાત હોય, કાયદો વ્યવસ્થા જાળવી ગુજરાતમાં શાંતિ અને સ્થિરતા આપવાની વાત હોય કે વૈશ્વિક સ્તરના રસ્તાઓનું જાળું ગૂથવાની વાત હોય ગુજરાતે પ્રત્યેક ક્ષેત્રમાં અવિસ્મરણીય વિકાસગાથા રચ્યું હોવાનું રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ગુજરાતે માત્ર વિકાસના નવા માપદંડો દુનિયાને આપ્યા છે તેટલું નહી પરંતુ નવા પ્રયોગો અને નવા રસ્તાઓ નરેન્દ્રભાઈએ દેશ સમક્ષ મૂક્યા છે. સાર્વજનિક જીવન કેવું હોવું જોઈએ તેનું ઉત્તમ ઉદાહરણ શ્રી નરેન્દ્રભાઈએ વિશ્વને પૂરું પાડ્યું છે. દૂરબીન લઈને શોધીએ તો પણ આવા આદર્શ ન મળે. દેશભરમાં તેની સુગંધ પ્રસરી પરીણામે કેન્દ્રમાં આપણી સરકાર બની. નરેન્દ્રભાઈએ પ્રધાન સેવક તરીકેનો વિચાર મૂક્યો.

શ્રી શાહે રાજયસભા ચૂંટણીના સંદર્ભમાં કોંગ્રેસને ટોણો મારતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ તૂટવાનું કારણ તેનું નેતૃત્વ છે. કોંગ્રેસની જન વિરોધી નીતિઓનું ઉદાહરણ આપતાં તેમણે ઉમેર્યું હતું કે, કોંગ્રેસે જયારે-જયારે કેન્દ્ર કે રાજયમાં સત્તા ભોગવી છે ત્યારે નર્મદા યોજના ઠપ થઈને અટકી પડી હતી. હમણાં રાજયસભામાં દિગ્વિજયસિંહ અને લોકસભામાં જયોતિરાદિત્ય સિંધિયા નર્મદા ડેમના દરવાજા બંધ થયા પછી પણ સતત વિરોધ કરી રહ્યા છે ત્યારે તેમની સાથે ગુજરાત કોંગ્રેસ સહમત છે કે કેમ તે ગુજરાતની પ્રજાને જણાવે તેવો વેધક સવાલ શ્રી શાહે કોંગ્રેસને કર્યો હતો. કોંગ્રેસ પોતાનું સ્ટેન્ડ કિલયર કરે, ભાજપાના ચારેય રાજયોમાં સ્ટેન્ડ એકદમ કિલયર છે. કોંગ્રેસના બેવડા ધોરણો નહી ચાલે, કોંગ્રેસની બે બાજુની ચાલથી ગુજરાતની જનતા છેતરાવાની નથી.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




ડેમના દરવાજા બંધ કરવાના નિર્ણય સમયે છેલ્લાં ૧૫ વર્ષમાં નહી અને અચાનક કોંગ્રેસના અર્જુન મોઢવાડીયા નર્મદા વિસ્થાપિતોની મુલાકાતે જાય છે અને નર્મદા યોજનામાં રોડા નાખનાર મેઘા પાટકર અર્જુન મોઢવાડીયાને અભિનંદન પાઠવે તે બાબત ગુજરાતની જનતાએ ધ્યાનમાં રાખવા જેવી છે તેમ જણાવી નર્મદા યોજનાનો વિરોધ કરનારને ગુજરાતની જનતા કયારેય માફ નહી કરે તેમ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું.

ઓબીસી કમિશનને સંવૈધાનિક માન્યતા આપવાનો શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારના ઐતિહાસિક નિર્ણયનો રાજયસભામાં વિરોધ કરી કાયદાને અટકાવનાર કોંગ્રેસ પાસે ગુજરાતના બક્ષીપંચના કરોડો લોકો જવાબ માંગે છે. બે મોઢાની વાત કરનાર કોંગ્રેસ ખુલ્લી પડી ગઈ છે અને ગુજરાતની પ્રજા કદીયે તેમનો વિશ્વાસ કરશે નહી તેમ શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું.

ગુજરાત ભાજપાનું સંગઠન દેવદુર્લભ છે, અજેય છે, રાજયસભામાં અમારો વિજય પાર્ટીના બુથથી લઈને પ્રદેશ કક્ષા સુધી કાર્ય કરતાં નાનામાં નાના કાર્યકરનો વિજય છે, જાહેર જીવનની સુચિતાનું ભાજપાએ સન્માન કર્યું છે હાલમાં દેશમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના ૬૮ ટકા ભૂભાગ પર અને ૭૨ ટકા જન સંખ્યા ભાજપા શાસિત છે. આગામી ડિસેમ્બરના ગુજરાતની વિકાસગાથા પર મંજૂરીની મહોર મારવાનું કાર્ય ગુજરાતની જનતા જનાર્દન દ્વારા થનારું છે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીના વિજયની હાર માળાનો મણકો ભાજપના મુગટ પર લગાવવાનો છે તેમ શ્રી શાહે જણાવ્યું હતું.

શ્રી શાહે જણાવ્યું હતું કે, આગામી વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૦ બેઠકો લાવી દઈએ જેથી રાજયસભામાં કોંગ્રેસને ઉમેદવાર ઉભા રાખવાનો વિચાર જ ન આવે આથી આપણે સૌ સંકલ્પબધ્ધ થઈએ અને ૩/૪ બેઠકોથી વિજય પ્રાપ્ત કરીએ.

આજના અભિવાદન સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ગઈકાલે રાજયસભાની એક બેઠક જીતવા જતાં કોંગ્રેસે તેના ૧૫ ધારાસભ્યો ગુમાવ્યા છે. હવેલી લેતા ગુજરાત ખોવા એવો કોંગ્રેસનો ઘાટ છે. શ્રી અહેમદભાઈ પટેલને માટે તેમની જીત મીઠાઈ નહી પરંતુ મીઠાનો ખારો ગાંગડો સાબિત થયો છે.

શ્રી બળવંતસિંહજી કાયદાકીય લડાઈ લડવાના છે અને રદ થયેલા બે મતનું પુન: મૂલ્યાંકન થશે ત્યારે રાજયસભાનું ગઈકાલનું પરીણામ અવશ્ય બદલાવાનું છે ભાજપાના ૧૨૨ ધારાસભ્યો જ્યારે તન-મન-ધનથી બનાસકાંઠા પૂર પીડિતોની સેવામાં લાગેલા હતા ત્યારે કોંગ્રેસના બધા જ ધારાસભ્યો અને તેમાય બનાસકાંઠાના ૬-૬ ધારાસભ્યો બેંગ્લુરુના રીસોર્ટમાં જલસા કરતાં હતાં. ભાજપાના ધારાસભ્યો સ્વતંત્રપણે સેવાકીય પ્રવૃતિઓ કરતાં હતાં ત્યારે કોંગ્રેસના ધારાસભ્યોને બંધક બનાવી રખાયા હતા. ભાજપાના ધારાસભ્યોને પ્રલોભનો આપવાના કોંગ્રેસે ખૂબજ પ્રયત્નો કરી જોયા હતા. પરંતુ આપણા ધારાસભ્યો માટે પાર્ટીની શાખ તેમજ વિચારધારા મહત્વની છે એટલે કોંગ્રેસની કોઈ કારી ફાવી નથી. ચૂંટણી આયોગના નિર્ણયને કારણે હાલ કોંગ્રેસ બચી છે પરંતુ ચૂંટણીઓ આપણા માટે એ અંતિમ લડાઈ નથી આપણા માટે અંતિમ લડાઈ ભારતમાતાને વિશ્વ ગુરૂના સ્થાને પ્રસ્થાપિત કરવાની છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના પ્રમુખપદને આજે ત્રણ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આજે દેશભરમાં ભાજપાનો કેસરીયો તેમના કુશળ સંગઠનાત્મક કુનેહના કારણે લહેરાઈ રહ્યો છે. ઉત્તર પ્રદેશથી લઈ દેશના ૧૮ રાજયોમાં ભાજપા અને તેના સાથી પક્ષોની સંયુકત સરકાર છે. તેમના નેતૃત્વમાં આપણે રાષ્ટ્રપતિપદ, ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીઓ જીત્યા છીએ. એવા આપણા અમિતભાઈ જયારે રાજયસભાના સભ્ય તરીકે જતા હોય ત્યારે પ્રત્યેક ગુજરાતી માટે તે એક આનંદ અવસર હોય તે સ્વાભાવિક છે.

પ્રદેશ પ્રભારી શ્રી ભૂપેન્દ્રજી યાદવે આજના આ પ્રસંગે રાજયસભાના ત્રણેય ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા હતાં. શ્રી યાદવે વધુમાં જણાવ્યું હતું કે, ૨૦ વર્ષ સુધી સતત વિધાયક રહીને વિવિધ જવાબદારીઓ નિર્વાહા કરીને હવે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ ગુજરાત અને દેશનું ગૌરવ વધારવા રાજયસભામાં પદભાર સંભાળશે અને રાજકારણમાં એક નવી સંસ્કૃતિનો ઉદય આના કારણે થવાનો છે. ભાજપા પાસે જનતાની તાકાત અને વિશ્વાસ જોડાયેલું છે અને ગુજરાતની જનતા જનાર્દન તેને પૂર્ણ સમર્થન આપી ૧૫૦ થી વધુ બેઠકો જીતાડીને ફરી એકવાર ગુજરાતમાં વિકાસની નવી ઉંચાઈઓ સર કરવા માટે સત્તાના સુકાન સોપશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

સ્વાગત પ્રવચન કરતા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ અને કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાની તેમજ રાજયસભાના ત્રીજા ઉમેદવાર શ્રી બળવંતસિંહ રાજપૂતને અભિનંદ પાઠવ્યા હતા. શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૦ વર્ષ સુધી સતત અનેક જવાબદારીઓ નિભાવી અને નરેન્દ્રભાઈ મોદીના વિકાસના સાથી અને સાક્ષી શ્રી અમિતભાઈ શાહે આજે વિધાનસભાના અધ્યક્ષશ્રીને પોતાના ધારાસભ્ય પદેથી રાજીનામું સોંપયું છે. શ્રી અમિતભાઈ શાહે પોતાની કુશળ ચૂંટણી રણનીતિથી કોંગ્રેસને વિખેરી નાખી છે અને હવે તે કયારેય ભવિષ્યમાં બેઠી થાય તેમ નથી. શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપાના દરેક કાર્યકર પાસે સેવાભાવ નિષ્ઠાભાવ અને પ્રમાણિકતા છે તે લઈને આપણે આગામી દિવસોમાં પ્રજા સમક્ષ જઈને આવનારી ચૂંટણીઓમાં ૧૫૦ થી પણ વધુ બેઠકો પર પ્રચંડ જીત મેળવીને ફરીથી ગુજરાતની સેવામાં તેમજ વિકાસમાં સહભાગી બનીએ તેવી અપીલ કાર્યકર્તાઓને કરી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
**મીડીયા વિભાગ**